ગાંધીનગર સમાચાર


**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૨૩ ટકા

# હવે રોડ ક્રોસ કરતા રાહદારીઓએ પણ ટ્રાફિક સિગ્નલને અનુસરવું પડશે..!!

## રોડ ક્રોસ કરવા માટે ઝીબ્રા ક્રોસીંગનો ઉપયોગ કરવામાં પણ ટ્રાફિક સિગ્નલ જોવું પડશે : રાહદારીઓ માટે પણ કાઉન્ટ ડાઉન ટાઈમર લગાડાયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં ટ્રાફિક સિગ્નલ્સની શરૂઆત થઈ ચુકી છે. જેને કારણે મોટા ભાગના મુખ્ય ચાર રસ્તાઓ પર 'કાઉન્ટ ડાઉન' સાથે લાલ-લીલી લાઈટો જોઈને વાહનો થંભે છે અથવા આગળ વધે છે. હવે આ ટ્રાફિક સિગ્નલ્સ પર રસ્તો ક્રોસ કરવા માંગતા રાહદારીઓ માટે પણ કાઉન્ટ ડાઉન ટાઈમર સાથે સિગ્નલ્સ એક્ટિવેટ કરાઈ રહ્યા છે જેને કારણે રાહદારીઓ પણ પોતાની મન મરજી મુજબ રોડ ક્રોસ નહીં કરી શકે.

શહેરમાં છેલ્લા કેચલાક સમયથી ટ્રાફિકની ગીચતામાં વધારો થયો છે જેમાં ખાસ કરીને પીક અવર્સ દરમિયાન પડી રહેલી તકલીફો અને અકસ્માતના જોખમોને અનુલક્ષીને અન્ય મોટા શહેરોની જેમ ટ્રાફિક સિગ્નલ્સ કાર્યરત કરવામાં આવ્યા છે. આ સિગ્નલ્સને પગલે વાહનચાલકો રેડ લાઈટ જોઈ વાહનો થંભાવે છે અને ગ્રીન લાઈટ થાય ત્યારે આગળ વધે છે. આ બંને લાઈટની સાથે ડિઝીટલ કાઉન્ટ ડાઉન સિગ્નલ ટાઈમીંગ ઘડિયાળો પણ મુકવામાં આવી છે જેમાં નિશ્ચિત સેકેન્ડસ મુજબ વાહનચાલકોને સિગ્નલ્સ લાઈટ કયારે ગ્રીન કે કયારે રેડ થશે તે અંદાજ રહે છે. આ જ રીતે હવે પગપાળા રોડ ક્રોસ કરતા રાહદારીઓ માટે પણ કાઉન્ટ ડાઉન ટાઈમર સાથેના સિગ્નલ્સ લગાડવામાં આવ્યા છે. હવે, રાહદારીઓએ પણ આ સિગ્નલ અનુસાર કયારે રોડ ક્રોસ કરવો અને કયારે ના કરવો તે ધ્યાનમાં રાખવાનું રહેશે.

### મોટા ભાગના રાહદારીઓ ખોટી રીતે રોડ ક્રોસ કરે છે

શહેરમાં મોટા ભાગના રાહદારીઓ રસ્તો અત્યંત ખોટી રીતે જોખમી પધ્ધતિથી કરતા જોવા મળે છે. જેમાં તેઓ ઝીબ્રા ક્રોસીંગનો તો ઉપયોગ જ નથી કરતા પરંતુ ગમે ત્યાંથી રસ્તો ક્રોસ કરે છે. વળી, પથિકાશ્રમ એસ.ટી. ડેપો પાસેના ઘ-૩ સર્કલે તો મોટાભાગના રાહદારીઓ સર્કલની તદન નજીકથી રોડ ક્રોસ કરે છે જેના કારણે ટ્રાફિક સિગ્નલમાં થોભેલા વાહનો ગ્રીન સિગ્નલ થાય ત્યારે રાહદારીઓ સહિત વાહનચાલકો માટે પણ જોખમરૂપ સ્થિતિ સર્જાતી હોય છે. ખાસ કરીને સીટી બસ સ્ટેન્ડથી એસટી ડેપોમાં જવા માંગતા વાહન ચાલકોએ એલ આકારમાં બે રોડ ક્રોસ કરવા ના પડે તે માટે તેઓ વચ્ચોવચ સર્કલ પાસે થઈને સીધા એસટી ડેપો તરફ જતા જોવા મળે છે.



આમ તો વાહનો માટેના ટ્રાફિક સિગ્નલ્સ સાથે જ રોડ ક્રોસ કરતા રાહદારીઓ માટે પણ સિગ્નલ લાઈટ લગાડી દેવામાં આવી જ હતી કેમ કે તે પણ ટ્રાફિક સિગ્નલનો જ એક ભાગ છે પરંતુ શહેરમાં પહેલીવાર તેમાં કાઉન્ટ ડાઉન ટાઈમર સાથેના સિગ્નલ જોવા મળ્યા છે. આ ટાઈમર લગાડવાનું કારણ કદાચ રાહદારીઓની અસુવિધાજનક અને અસલામત રીતે રોડ ક્રોસ કરવાની આદતના લીધે હોઈ શકે છે. આ સિગ્નલ લાઈટથી વાહનચાલકોને જરુર હાશ થશે તેવું આ તબક્કે જણાઈ રહ્યું છે.

# સંગીની ફોરમ સંસ્થાના નવનિયુકત હોદ્દેદારોનો શપથવિધિ સમારંભ યોજાયો





ગાંધીનગર, તા.૨૫

જૈન સોશિયલ ગૃપ હેઠળ કાર્યરત સંગીની ફોરમ સંસ્થાના વર્ષ ૨૦૧૯-૨૦ના નવા હોદ્દેદારોનો શપથવિધિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી.

શપથવિધિ કાર્યક્રમ અંતર્ગત ફેડરેશનના પૂર્વ સેક્રેટરી જનરલ તથા ગુજરાત રીજીયનના પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ દોશી દ્વારા શપથવિધિ કરાવવામાં આવી હતી. આ પ્રસંગે મનિષભાઈ શાહ, આર.ડી. ગાંધી, અરવિંદ શાહ, પારસભાઈ સંઘવી, હિતેષભાઈ કોઠારી, મધુસુદનભાઈ વોરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નિવૃત્ત આઈએએસ અધિકારી ભાગ્યેશ જહા કે જેમણે ઉપસ્થિત રહી ૧૪૦ જેટલી સંગિની બહેનોને 'ચાલો જીવનને રિચાર્જ કરીએ' વિષય પર વકતવ્ય આપ્યું હતું.

નવનિયુકત હોદ્દેદારોમાં પ્રમુખ-જાગૃતિબેન સંઘવી, ઉપપ્રમુખ-નેહલ ટોલીયા, મંત્રી-ભારતીબેન શાહ, સહમંત્રી-શિલ્પાબેન શાહ, ખજાનચી-મોનાબેન શેઠ, કારોબારી સભ્ય તરીકે દિપીકાબેન કોટડીયા, નીતાબેન શાહ, જાગૃતિબેન લાખાણી અને રૂપાબેન શાહે શપથ લીધા હતા.

ગત વર્ષના પ્રમુખ નીનાબેન ઝાટકીયા દ્વારા ગત બે વર્ષ દરમિયાન કરેલી વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા અપાઈ હતી અને નવનિયુકત પ્રમુખ જાગૃતિબેન સંઘવી દ્વારા આગામી વર્ષમાં આવનાર કાર્યક્રમની જાણકારી આપવામાં આવી હતી.

# ધોરણ-૧૦ બાદ શું..?!

## કીશોર ઈન્સ્ટીટ્યુટના સેમિનારમાં વિદ્યાર્થીઓને માહીતગાર કરાયા





ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સ્થિત કિશોર ઈન્સ્ટિટ્યુટ દ્વારા ધો. ૧૦ પછીના અભ્યાસક્રમો અને કારકિર્દીલક્ષી માર્ગદર્શન આપવાના હેતુથી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કિશોર ક્લાસીસ જયા ધો. ૮ થી ૧૦ અને ધો. ૧૦ થી ૧૨ સાયન્સના ગુજરાતી માધ્યમના વર્ગો ચલાવાય છે ત્યાં ધો. ૬ થી ૮ના વર્ગો પણ શરૂ કરાયા છે. આ સંસ્થાના ડી.ડી. રાઠોડના જણાવ્યા મુજબ સરકારમા આચારસંહિતાને કારણે ધો. ૧૦ પછી શુ એ અંગેની માહિતી આપવા સરકાર અસમર્થ હોવાથી આ જવાબદારી કિશોર ક્લાસીસે સંભાળી લીધી છે. આ સેમિનારમાં કિશોરસિંહ રાજપૂત દ્વારા જણાવાયુ હતુ કે સ્નેહ, લાગણી, સંસ્કાર અને શિક્ષણની ગુણવત્તા એ આ ઈન્સ્ટિટ્યુટનો પાયો છે. વાલીઓ દ્વારા કિશોર ક્લાસીસ પર ભરોસો મુકવામાં આવી રહ્યો છે અને વિદ્યાર્થીઓ ઉચ્ચત્તમ સફળતા મેળવે છે તેનો શ્રેય પણ વિદ્યાર્થીઓમાં રહેલા આત્મવિશ્વાસ અને કિશોર ઈન્સ્ટિટ્યુટની ટીમને ફાળે જાય છે.

આ કાર્યક્રમના પ્રારંભે ગણેશ સ્તુતિ અને સરસ્વતી વંદના કરવામાં આવી હતી. ડૉ. અજયરાજસિંહ રાજપૂત દ્વારા ઈન્સ્ટિટ્યુટની વિગતો આપતા જણાવવામાં આવ્યુ હતુ કે કિશોર ક્લાસીસના વિદ્યાર્થીઓ આગળના અભ્યાસ માટે ગુજરાતમા તો છે જ પણ વિદેશમાં પણ છે અને જયારે એક વિદ્યાર્થી ત્યા હોય તથા બીજો ક્લાસીસનો વિદ્યાર્થી જાય તો તેનો પોતાના પરિવારના સભ્યની જેમ સ્વિકારી અજાણ્યાપણુ ન લાગે તેમ મદદ કરે છે.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અનુજ બારાટો, કુ. હિરલ દાવડા, કુ. ફ્રાન્સી પંડ્યા તથા અનેક વિદ્યાર્થીઓએ ક્લાસીસ પ્રત્યેની લાગણીઓ અને અનુભવો મુક્તપણે વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમના અંતે પ્રતિક પંડ્યાએ કિશોર ક્લાસીસ અંગે અને ગણિત વિષયની માહિતી આપી આભાર વ્યક્ત કર્યો હતો.

# લાયોનેસ કલબ દ્વારા વિશ્વ જળ દિવસ અને શહિદ દિન નિમિત્તે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ







ગાંધીનગર, તા.૨૫

મિડિયેશન-મધ્યસ્થીકરણ એટલે કે કોર્ટના અનુરોધથી કોર્ટ બહાર કેસોમાં સમાધાનની ખાસ વ્યવસ્થા અંગે વિસ્તૃત જાણકારી આપવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર દ્વારા શહેરની ખ્યાતનામ સંસ્થા લાયોનેસ કલબ ૩૨૩ બી ગાંધીનગર ડિસ્ટ્રીકટના સભ્ય બહેનો સમક્ષ એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેરાલીગલ વોલન્ટીયર અને મિડિયેટર સુધીર દેસાઈ દ્વારા સંબંધીત વિષયની વિસ્તૃત માહિતી સભર જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત વર્લ્ડ વોટર ડે અને ૨૩મી માર્ચ શહિદ દીન નિમિત્તે ઉપસ્થિત બહેનોને વિશેષ જાણકારી પુરી પાડી હતી.

કલબના સભ્ય અને પીએલવી વિમળાબેન અયાચી દ્વારા કોર્ટ મારફતે ઉપલબ્ધ મફત કાનૂની સહાય અંગે સમજણ પુરી પાડી હતી.

આ શિબિરમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત મહિલા સદસ્ય સાથે સંસ્થાના પ્રેસિડન્ટ ડિમ્પલબેન દેસાઈ, મુખ્ય મહેમાન પદે તથા સેક્રેટરી પ્રિતિબહેન ખાસ અતિથિપદે ઉપસ્થિત રહ્યા હતા.

# ચંદ્રાલા આગમન હોટલ પાસે ઈકોને પાછળથી એસેન્ટ કારે ટક્કર મારતા અકસ્માત

ગાંધીનગર, તા.૨૫

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર આગમન હોટલ પાસે પસાર થઈ રહેલી ઈકો કારને પાછળથી અન્ય કારે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં બે પીધેલા પણ ઝડપાયા છે. જયારે આ અકસ્માતમાં ઈકો કારમાં સવાર નાગરીકોને ઈજા પહોંચતા પહેલા છાલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ત્યારબાદ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં સમાવેશ ઈન્દ્રોડા ગામ ખાતે રહેતા અને આરટીઓ એજન્ટ રણજીતકુમાર બળદેવજી ઠાકોરની ફરીયાદ મુજબ રવિવારના રોજ તેઓ પોતાની ઈકો કાર લઈને પરિવાર સાથે હિંમતનગર પાસે આવેલા દલપુર ગામે ગયા હતા અને ત્યાંથી બે વાગ્યાના અરસામાં પરત ફરતા હતા. ત્યારે ચંદ્રાલા ગામે પાસો આવેલી આગમન હોટલ પાસે ઈકો કાર પસાર થઈ રહી હતી. ત્યારે પાછળથી બેફામ ગતિએ આવી રહેલી એક કારે તેમની ઈકોને ટક્કર મારી હતી. જેથી ઈકો ગાડી ફંગોળાઈ ગઈ હતી. અકસ્માતમાં કારમાં સવાર ફરીયાદીની પુત્રીને હાથમાં ઈજાઓ પહોંચી હતી.જયારે તેમના માસીને બોઠો માર વાગ્યો હતો. જેને પગલે બંન્ને પહેલા છાલા પ્રાથમિક અને ત્યારબાદ વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બાદમાં ફરીયાદ કરનાર રણજીતભાઈની દિકરીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જયારે ફરીયાદીની ઈકો કારને ટક્કર મારનાર જી.જે. ૦૧.કે.ડી.૨૨૭૨ નંબરની એસેન્ટ કારમાં બે મુસાફરો સવાર હતા. જેઓ બંન્ને નશાની હાલતમાં દેખાઈ રહ્યા હતા. જેથી પોલીસે કાર ચાલક જયેશભાઈ રાજેન્દ્રભાઈ પંડ્યા (રહે. શ્રી બાલાજી અગોરા, સુઘડ ગામ)તથા બાજુમાં બેઠેલા રશ્મીન ભાલકૃષ્ણભાઈ પરીખ (રહે.૧૬ સહજાનંદ બંગ્લોઝ, મોટેરા સાબરમતિ) સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## @ગાંધીનગર

● હેપ્પી યુથ કલબ દ્વારા હેપ્પી સ્પેરો વીક અંતર્ગત સવારે ૮.૩૦ કલાકે પેથાપુર ચાર રસ્તા પાસે ચકલી ઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

● સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા ભાગવત દશમ સ્કંદ સપ્તાહ પારાયણ અંતર્ગત રાત્રે ૮ થી ૧૦.૩૦ કલાક દરમિયાન સે-૨૨ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે રાસોત્સવ અને રંગોત્સવ યોજાશે.

● મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મીનાબેન પટેલ તરફથી સે-૩-સી શકિત ચોક મંદિર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● કાંતિભાઈ યોગીની વ્યાસપીઠે ગોપી ભજન મંડળ તરફથી સુંદરકાંડના પાઠ રાત્રે ૮.૩૦ કલાકે સે-૧૨-બી સ્થિત નવરાત્રિ ચોક ખાતે યોજાશે.

# ચુંટણીઓનો માહોલ 'સ્ટ્રીટ' કરતા 'સ્ક્રીન' પર વધુ...!!!

## સોસાયટી કે શેરીઓમાં ચુંટણી લક્ષી કોઈ પ્રચારનો પ્રારંભ નથી થયો પરંતુ સોશ્યલ મિડિયામાં સ્થિતિ રોમાંચક તબક્કે

ગાંધીનગર, તા.૨૫

લોકસભાની ચુંટણીઓ માટે ગુજરાતમાં મતદાનને આડે હવે એક માસ કરતા પણ ઓછો સમય બાકી રહેવા પામ્યો છે પરંતુ રાજયનું રાજકીય પાટનગર હોવા છતાં હજુ પણ ગાંધીનગરમાં ચુંટણીના પ્રચારનો કોઈ દેખીતો માહોલ જોવા મળતો નથી. શહેરમાં હજુ પણ કોઈ રાજકીય પક્ષની રેલી કે સભા તો ઠીક પરંતુ કયાંય હોર્ડિંગ્સ, બેનર્સ કે રાજકીય પક્ષોના ચિહ્નો વાળા તોરણ કે ઝંડા પણ જોવા મળતા નથી. બીજી તરફ શહેરમાં સોશ્યલ મિડિયા પર જુઓ તો એવું લાગે કે જાણે અઠવાડિયામાં જ મતદાન યોજાવાનું છે. તમામ રાજકીય પક્ષો મતદારોને રીઝવવા સોશ્યલ મિડિયાનો એટલો બધો ઉપયોગ કરી રહ્યા છે કે જેના કારણે ચુંટણીઓનો ભારે રોમાંચ મતદાતાઓને અત્યારે 'વર્ચુઅલી' અનુભવાઈ રહ્યો છે.

વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચુંટણીઓમાં નરેન્દ્ર મોદીએ દેશભરમાં સોશ્યલ મિડિયા અને ડિઝીટલ મિડિયાનો ઉપયોગ કરીને તેની તાકાતનો અંદાજો દેશભરમાં કરાવવા સાથે મોટી સંખ્યામાં યુવા અને મહિલા મતદારોને આકર્ષી સત્તા હાંસલ કરવામાં સફળતા મેળવી હતી તે સમયે કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો સોશ્યલ મિડિયાની તાકાત અંગે ઉંઘતા ઝડપાયા હતા. જો કે, આ જ સોશ્યલ મિડિયાનો ઉપયોગ કરીને કોંગ્રેસ સહીતના રાજકીય પક્ષોએ દેશના કેટલાક રાજયોમાં યોજાયેલી છેલ્લી વિધાનસભાની ચુંટણીઓમાં ભાજપને ધોળે દિવસે તારા દેખાડયા છે તેનો સીધો મતલબ એ છે કે હવે તમામ રાજકીય પક્ષો સોશ્યલ મિડિયાનો ગંભીરતાથી ઉપયોગ કરતા થઈ ગયા છે. આ વખતે મોટાભાગના વિપક્ષો નરેન્દ્ર મોદીની ભાજપ સરકારને ઉથલાવવા એક સાથે એક મંચ પર આવી મહાગઠબંધન કરી રહ્યા છે તેથી ચુંટણીઓ ભારે રોમાંચક બનવા પામી છે. આ સ્થિતિમાં બંને તરફથી સોશ્યલ મિડિયાનો ભરપુર ઉપયોગ કરાઈ રહ્યો છે અને તે માટે બંને તરફથી સોશ્યલ મિડિયા ઓપરેટર્સની ફોજ કામે લગાડાઈ છે. સોશ્યલ મિડિયાને રાજયોના સ્થૂળ સિમાડા નડતા ના હોવાથી હાલ ગાંધીનગર સહિત ગુજરાતભરમાં સોશ્યલ મિડિયા પર ચુંટણી જંગ વાસ્તવિકતા કરતા ખૂબ મોટા પ્રમાણમાં જામેલો જોવા મળી રહ્યો છે. જેમાં ફેક ન્યુઝનો પણ તમામ પક્ષકારો દ્વારા છુટથી ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

### ફેક ન્યુઝના ભરપુર ઉપયોગથી ભ્રામક પ્રચાર જોખમી

સોશ્યલ મિડિયા પર એડીચોટીનું જોર લગાડી રહેલા રાજકીય પક્ષોની સાયબર ટીમો દ્વારા સવારના પ્હોરમાંથી શરુ કરીને મોડી રાત્રિ સુધી મતદારોની વિચારસરણીને અસર કરતી પોસ્ટ સતત અપડેટ કરવામાં આવી રહી છે વળી, મતદાતાઓના નિશ્ચિત વર્ગ કે સમુદાયને અનુલક્ષીને કરવામાં આવતી પોસ્ટની ભરમાર પણ ખૂબ જોવા મળી રહી છે. આ સાથે જુના નવા વિડિયો ફોટો વગેરેને તોડી મરોડીને તેના ફેક ન્યુઝ બનાવી ઈચ્છિત અસર ઉભી કરવા પ્રયાસ કરાઈ રહ્યો છે. જેના કારણે અનેક મતદાતાઓમાં ગેરસમજ અને નિશ્ચિત વર્ગ કે સમુદાય પ્રત્યે ચોકકસ પ્રકારની લાગણીઓ પેદા થઈ રહી છે જે સામાજિક વ્યવસ્થા માટે જોખમરૂપ છે.



## ચિરવિદાય

● સ્વ. ડાભી કલાજી મગનજી, ઉ.વ. ૭૬

● સ્વ. સોલંકી બાબુભાઈ મગનભાઈ, ઉ.વ. ૬૪